ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

સંબંધો
એ અનલિમિટેડ
ઍજ્યુકેશન છે
- રૂદ્રી શુક્લ 'રીયાઝ'

## જન્મદિને વધામણી



દેવયાની મનોજ શુક્લ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯



દેવાંશ રણછોડભાઈ રથવી
મો. ૮૪૦૧૦ ૮૫૭૧૩

# ગાંધીનગર બીએસએફ ખાતે વાચનાલયનો આરંભ







બીએસએફ ડીજી કે કે શર્મા, બીડબલ્યુડબલ્યુએ પ્રમુખ રેણુ શર્મા અને સ્પે. ડીજી કમલ નયન ચૌબેએ ફ્રન્ટીયર હેડ ક્વાર્ટર, બીએસએફ, ગુજરાતની મુલાકાત લીધી હતી. બીએસએફ આઈજી અજય કુમાર તોમર દ્વારા તેમને આવકારવામાં આવ્યા હતા. અતિથિઓએ આ મુલાકાત દરમિયાન ગુજરાત બીએસએફની વિવિધ કામગીરી અંગે માહિતી મેળવી હતી અને સિનિયર અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ અતિથિઓના હસ્તે બીએસએફ, ગાંધીનગર ખાતે નિર્મિત વાચનાલય 'સ્વાધ્યાય'નું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

# બીએડ કૉલેજોને 'સ્ટાન્ડર્ડ' સ્થાપિત કરવાની મૂંઝવણ

ગાંધીનગર, તા. ૮

દેશની તમામ કોલેજોએ નેકનું જોડાણ લેવું ફરજિયાત છે પરંતુ આ જોગવાઈમાંથી માત્ર બી.એડ. કોલેજોને મુક્તિ આપવામાં આવી હતી. નેકની અવેજીમાં બી.એડ. કોલેજોએ 'ટીચ-આર' સંસ્થાની માન્યતા લેવી તેવું નક્કી કરાયું હતું. મહત્ત્વની વાત એ કે એનસીટીઈના આ નિર્ણયની સામે કેટલીક કોલેજોએ સુપ્રીમ કોર્ટમાં રિટ કરી છે. હાલમાં બી.એડ. કોલેજો નેક લઈ શકતી નથી અને 'ટીચ-આર' અસ્તિત્વમાં નથી, જેના કારણે બી.એડ. કોલેજો અને એજ્યુકેશન યુનિવર્સિટીઓએ કયા પ્રકારનું જોડાણ ક્યાંથી લેવું તેની સમસ્યા ઊભી થઈ છે.

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન એટલે કે નેકનું જોડાણ દરેક કોલેજોએ મેળવવું ફરજિયાત છે. બી.એડ. કોલેજો પણ નેકનું જોડાણ મેળવતી હતી. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા અચાનક એનસીટીઈ અને નેક વચ્ચે થયેલા એમઓયુ રદ કરીને દરેક બી.એડ. કોલેજોને 'ટીચ-આર' નામની સંસ્થા પાસે એસેસમેન્ટ કરાવવાની સૂચના આપી હતી. આ નિર્ણયના કારણે નેક દ્વારા દરેક બી.એડ. કોલેજોનું એસેસમેન્ટ કરવા સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. નેકના ફોર્મેટમાંથી એજ્યુકેશનની તમામ સંસ્થાઓને દૂર કરી દેવામાં આવી હતી. એટલે કે હાલમાં બી.એડ. કોલેજો નેકનું જોડાણ મેળવવા માટે પ્રયાસ કરી શકતી નથી. બીજી બાજુ, એનસીટીઈ દ્વારા જે 'ટીચ-આર' નામની સંસ્થાને એસેસમેન્ટ કરવાની સત્તા આપી તેની સામે સમગ્ર દેશની બી.એડ. કોલેજો અને એજ્યુકેશન યુનિવર્સિટીમાંથી ભારે વિરોધ ઊભો થયો છે.

કારણ કે નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન અસ્તિત્વમાં આવી ત્યારથી જે નિયમો અને બંધારણ હતું તેનાથી તદ્દન વિપરીત નિયમો ટીચ-આર સંસ્થાએ લાગુ કર્યા હતા. બી.એડ. કોલેજના નિષ્ણાતો કહે છે નેકમાં ઓછા ગ્રેડ લાવનારી સંસ્થાઓને ભવિષ્યમાં ગ્રેડ સુધારવાની તક આપવામાં આવે છે. પરંતુ 'ટીચ-આર' નામની જે સંસ્થાને એજ્યુકેશન કોલેજોનું એસેસમેન્ટ સોંપ્યુ તેમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે 'ડી' ગ્રેડ મેળવનારી કોલેજની માન્યતા રદ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એટલે કે કોલેજોને પોતાના ધોરણ સુધારવા માટે કોઈ તક જ રહેતી નથી. ઉપરાંત, 'બી' ગ્રેડ આવે તો ડબલ ફી ભરવાની તેવું નક્કી કરાયું હતું. આમ, 'ટીચ-આર' સંસ્થાના નિયમોમાં તમામ રીતે માત્ર અને માત્ર આર્થિક ઉપાર્જનને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જેની સામે ભારે વિરોધ ઉભો થયો હતો. દેશની અનેક બી.એડ. કોલેજના સંચાલકોએ કેન્દ્ર સરકારના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આગામી તા.૨૨મી સપ્ટેમ્બરે તેની મુદત છે.

હાલની સ્થિતિ એવી છે કે બી.એડ. કોલેજો નેક લઈ શકતી નથી અને ટીચ-આર લાગુ થયું નથી. આ સ્થિતિમાં બી.એડ. કોલેજ સંચાલકોએ પોતાનુ 'સ્ટાન્ડર્ડ' યોગ્ય છે તે પ્રસ્થાપિત કરવા માટે કયાં જવું તેની સમસ્યા ઊભી થઈ છે.

## મેડિકલ પ્રવેશ માટે ડોમિસાઈલ સર્ટિ.ની ચકાસણી કરવા ખાસ કમિટીની રચના

ગાંધીનગર, તા. ૮

મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા હાલમાં ૪,૮૦૦ વિદ્યાર્થીને પ્રવેશ ફાળવાયો છે. કોઈ એક જ હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થીઓનો ધસારો ન થાય તે માટે પહેલી વખત એપોઈન્ટમેન્ટ લેટર આપવાનું શરૂ કરાયું છે. વિદ્યાર્થી પ્રવેશ માટેનો ઓનલાઈન લેટર કાઢે તેની સાથે જ કયા દિવસે અને કયા શહેરના હેલ્પસેન્ટર પર ડોક્યુમેન્ટ જમા કરાવવા છે તેની વિગતો ભરવાની રહેશે. રાજ્યના કુલ ૧૧ હેલ્પ સેન્ટર પૈકી વિદ્યાર્થી ઈચ્છે તે હેલ્પસેન્ટરનુ નામ લખવાથી તેને એપોઈન્ટમેન્ટ મળી રહેશે. દરેક હેલ્પ સેન્ટર પર રોજના ૧૨૦ વિદ્યાર્થીઓ ડોક્યુમેન્ટ જમા કરાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે ડોમિસાઈલ સર્ટિફિકેટને મામલે ઊભા થયેલા વિવાદ બાદ ડોમિસાઈલની ચકાસણી માટે ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરી દેવામાં આવી છે. પ્રવેશ સમિતિમાં રજૂ કરાયેલા તમામ ડોમિસાઈલ સર્ટિફિકેટની આ કમિટી ચકાસણી કરીને આગામી તા.૨૦મીએ અહેવાલ સુપરત કરશે. તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

મેડિકલમાં પ્રવેશ માટે ડોમિસાઈલ લાગુ કરાયા બાદ કેટલાક વિદ્યાર્થીઓએ ખોટા ડોમિસાઈલ સર્ટિફિકેટ રજૂ કર્યા હોવાની ફરિયાદ બહાર આવી હતી. જેના કારણે હવે ચાર સભ્યોની એક કમિટીની રચના કરવામાં આવી છે.

આ કમિટીમાં પ્રાંત ઓફિસર, જિલ્લા શિક્ષણાધિકારીના પ્રતિનિધિ ઉપરાંત અન્ય સભ્યોને પણ સામેલ કરાયા છે. હાલમાં પ્રવેશ સમિતિ પાસે વિદ્યાર્થીઓએ રજૂ કરેલા જેટલા ડોમિસાઈલ સર્ટિફિકેટ છે તેની તમામ વિગતો તપાસ કમિટીને સોંપવામાં આવી છે. દરેક જિલ્લા પ્રમાણે કમિટી ડોમિસાઈલ સર્ટિફિકેટની ચકાસણી કરશે. આગામી તા.૨૦મી સુધીમાં આ કમિટી દરેક ડોમિસાઈલ સર્ટિફિકેટની તપાસ કરીને તેનો હેવાલ પ્રવેશ સમિતિને સોંપશે.

## હવે નવા ડ્રાઈવિંગ લાઈસન્સ સિવાય તમામ કામ માટે એપોઈન્ટમેન્ટ પ્રથા રદ

ગાંધીનગર, તા. ૮

આરટીઓમાં હવેથી નવાં ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવવા સિવાયની તમામ કામગીરી માટે અરજદારે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવી પડશે નહીં. માત્ર એક ઓનલાઈન અરજીના આધારે આરટીઓમાં નવાં ડ્રાઈવિંગ લાઈસન્સ સિવાયનાં તમામ કાર્ય એક જ દિવસમાં કરાવી શકાશે. ડુપ્લિકેટ લાઈસન્સ કે લાઈસન્સમાં સુધારા-વધારા, લાઈસન્સ રિન્યૂઅલ આ તમામ પ્રકારનાં કામ માટે અરજદારોને ૬૦ થી ૯૦ દિવસની રાહ જોવામાંથી મુક્તિ મળશે. એકમાત્ર ઓનલાઈન અરજીના આધારે અને વહેલા તે પહેલાના ધોરણે તેનું નવા ડ્રાઈવિંગ લાઈસન્સ સિવાયનું કામ આરટીઓમાં રૂબરૂ જવાથી થઈ જશે. હવે માત્ર નવાં ડ્રાઈવિંગ લાઈસન્સ માટે જ આરટીઓમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવાની થશે.

હાલમાં અમદાવાદ આરટીઓમાં ઘણા મહિનાથી ૬૦ થી ૯૦ દિવસનું વેઈટિંગ ચાલે છે તેમાં નવું લાઈસન્સ કઢાવવાનું હોય કે લાઈસન્સ રિન્યૂ કરાવવાનું હોય, લાઈસન્સમાં નામ કે અટકમાં સુધારો કરાવવાનો હોય, સરનામામાં ફેરફાર કરાવવાનો હોય જેવાં ડ્રાઈવિંગ લાઈસન્સને લગતા કોઈ પણ કામ માટે અરજદારે એપોઈન્ટમેન્ટ લેવી ફરજિયાત હતી, જેના કારણે ત્રણ મહિના સુધી અરજદારે રાહ જોવી પડતી હતી.

## યુકેમાં નવી વિઝા સ્કીમ : સંશોધકોને ફાયદો થશે

ગાંધીનગર, તા. ૮

બ્રિટને તેના રિસર્ચ સેક્ટરના વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારતીયો સહિત વિદેશી વિજ્ઞાનીઓ અને સંશોધકો માટે વિઝાની નવી કેટેગરી જાહેર કરી છે. જેનાથી ભારતીય વિજ્ઞાનીઓ અને શૈક્ષણિકક્ષેત્રે નિષ્ણાતોને લાભ થશે. નવી યુકેઆરઆઈ સાયન્સ, રિસર્ચ એન્ડ એકેડેમિયા સ્કીમ યુરોપીય પંચથી બહારના સંશોધકો, વિજ્ઞાનીઓ માટે ખોલવામાં આવી છે. હાલમાં અમલી ટિયર પાંચ (ટેમ્પરરી વર્કર, સરકાર માન્ય એક્સચેન્જ) વિઝા રૂટમાં ઉમેરવામાં આવનારી આ સ્કીમ હેઠળ યુરોપીય પંચ બહારના લોકો બ્રિટન આવીને બે વર્ષ સુધી કામ કરી શકશે.

આ સ્કીમ જારી કરતાં યુકેના ઈમીગ્રેશન મંત્રી કેરોલિન નોક્સે જણાવ્યું હતું કે 'બ્રિટન રિસર્ચ અને ઈનોવેશનક્ષેત્રે વૈશ્વિક આગેવાન છે અને આ ફેરફારોથી આ દેશમાં આંતરરાષ્ટ્રીય રિસર્ચર્સ માટે કામ કરવું અને તાલીમ લેવું સહેલું બની જશે. આપણી પાસે એક એવી ઈમીગ્રેશન સિસ્ટમ હોવી જોઈએ કે જેનાથી આપણે આંતરરાષ્ટ્રીય ટેલેન્ટને આકર્ષી શકીએ અને તેમના જ્ઞાન અને નિપુળતાથી આપણને લાભ મળે.

# નાટ્યવિદ ભરત દવેને સવ્યસાચી સારસ્વત ઍવોર્ડ

લલિતકલા ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનારને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે છેલ્લાં પાંચ વર્ષથી સ્વ.ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ એનાયત કરાય છે. ૨૦૧૮નો આ એવોર્ડ નાટ્યવિદ્ ભરત દવેને નૃત્યગુરુ કુમુદિની લાખિયાના હસ્તે એનાયત કરાયો હતો. આ પ્રસંગે એવોર્ડ સ્વીકારતાં તેમણે જણાવ્યું કે, આજે સૌથી વધુ આનંદ અને ગૌરવ એ વાતનું છે કે આજે સમગ્ર નાટ્યકલાનું સન્માન થઈ રહ્યું છે, કારણ કે આપણે ત્યાં નાટક લગભગ ઉપેક્ષિત કળા રહી છે. સમગ્ર જીવન સમર્પિત કરવા છતાં નાટ્યકારોને ભાગ્યે જ કોઈ સન્માન મળે છે. નાટકને આપણે એક સ્વતંત્ર કળા તરીકે સ્વીકારી જ નથી. એ માત્ર મનોરંજનનું સાધન છે. એટલે તો આપણે ત્યાં હળવા અને હલકાં પણ નાટકો પ્રચલિત થયા છે. આ પ્રસંગે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી ડો. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ભરત દવેના રુંવે રુંવે નાટક પ્રત્યેનો પ્રેમ વસે છે. નાટ્ય દિગ્દર્શન અને નાટ્ય સમીક્ષા તથા રંગમંચ કલાના એ માત્ર અભ્યાસી જ નથી પરંતુ એમાં મૌલિક પ્રદાન કરનાર છે. ગુજરાતી સાહિત્યના નાટકોને રંગમંચ પર પ્રસ્તુત કરીને એક આગવી આબોહવા સર્જી હતી અને સતત દેશ અને વિદેશની નાટ્યપ્રવૃતિના આજે પણ ગાઢ પરિચયમાં રહીને ગુજરાતને રળિયાત કરી રહ્યાં છે. ભરત દવેના જીવન વિશે વાત કરીને પ્રિન્સિપાલ સુભાષ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે એમનું 'માનવીની ભવાઈ' જોવા પન્નાલાલ ઉમાશંકરને લઈને આવેલા. એ નાટક જોઈને ઉમાશંકર એટલા રાજી થયેલાં કે પોતાના બંને ખિસ્સામાંથી જેટલા નીકળ્યા એટલા બધા પૈસા એમણે ભરતભાઈને આપી દીધેલાં. સતીષ વ્યાસે જણાવ્યું હતું કે, પ્રાંગણને રંગમંચ કેવી રીતે બનાવવું એ વાત ભરત દવે પાસેથી શીખવાની છે.

## સોશિયલ મીડિયા.કોમ

દવાખાનામાં કાકાનાં પાટા-પિંડી પૂરાં થયાં.
કાકાએ ભત્રીજાને કહ્યું, 'પૂછી જો ડૉક્ટરને, કેટલા પૈસા આપવાના થાય છે ?'
ભત્રીજાએ ડૉક્ટરને પૂછીને જવાબ આપ્યો, 'કાકા, ૫૦૦ રૂપિયા આપવાના થાય છે.'
કાકાએ નિઃસાસો નાખ્યો, 'આના કરતાં તારી કાકીએ માગ્યા'તા એ ૨૦૦ આપી દીધા હોત તો સારું હતું !'

●

ઘરની છત ફાટી ગઈ હોય તો પણ બાળકો ઉપર એકપણ 'અ-છત'ની તકલીફનું ટીપું ન પડવા દે એ ઈશ્વરીય શક્તિરચિત આ રંગમંચના સાચા હીરોને 'બાપ' કહેવાય છે !

●

શરીરમાં ૭૦ ટકા પાણી હોય છે...
અચ્છા, એટલે સાચું જુઓ તો આપણે જાડા નથી, પૂરગ્રસ્ત છીએ.
અને જે લોકો દૂબળાં છે તેઓ દુકાળગ્રસ્ત છે !

●

મારી ફરજના ભાગ રૂપે આજે બગસરા નગરપાલિકાના ઓડિટની ચર્ચા માટે ગયો હતો. બગસરામાં નગરપાલિકા સંચાલિત એક હાઈસ્કુલ છે. ઝવેરચંદ મેઘાણીના નામ પરથી એના વતનની આ હાઈસ્કુલનું નામ મેઘાણી હાઈસ્કુલ આપ્યું છે. ઓડિટ ચર્ચાની સાથે સાથે શાળામાં જઈને ભારતના ભાવી સમાન બાળકો સાથે વાતો કરવાની તક મળી.

આજે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓથી ખદબદતા વાતાવરણની વચ્ચે આ ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં ધો.૯ થી ધો.૧૨ સુધીમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં ૧૧ -૧૨ સાયન્સ પણ ચાલે છે અને એમાં ૨૬૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સાયન્સના ૨ વર્ષના અભ્યાસ માટે વાલીઓ ૧ લાખથી શરૂ કરીને ૨ લાખ સુધીની ફી ભરે છે જ્યારે આ શાળામાં સાયન્સ સાવ મફતમાં. ઉલટાનું દાતાઓના સહયોગથી યુનિફોર્મ પણ મળે. આ વિદ્યાર્થીઓ મેડિકલ કોલેજમાં પણ પ્રવેશ મેળવે છે અને એંજીનીયરીંગની સારી કોલેજોમાં પણ એડમિશન મેળવે છે.

આચાર્ય શ્રી શેખવા સાહેબનું સંચાલન અને શિક્ષકોનું સમર્પણ અદભૂત છે. વાલીઓએ શિક્ષકો પર વિશ્વાસ મૂકીને એમના સંતાનોને આ અર્ધસરકારી શાળામાં મોકલ્યા અને શિક્ષકોએ વાલીઓના વિશ્વાસને સાર્થક કર્યો. વિદ્યાર્થીઓનું શિસ્ત, શાળાની સ્વચ્છતા આ બધું જ તમને સ્પર્શી જાય. શાળાના રિનોવેશન માટે એક જૈનમુનિના કહેવાથી લોકોએ અઢી કરોડ રૂપિયા દાનમાં આપ્યા. આ પાછું કાળું ધન નહિ બધી જ રકમ ચેક દ્વારા આપી. આપને જાણીને આશ્ચર્ય થશે કે આટલી મોટી રકમ આપનાર એક પણ દાતાનું એક પણ જગ્યાએ નામ નથી. લોકો એક પંખો આપે તો એના ત્રણ પાંખિયામાં ત્રણ પેઢીના નામ લખાવે અને અહિયાં દૂધે ધોયેલા અઢી કરોડ આપીને પણ નામ નહિ કે સન્માન પણ નહિ. બગસરા જેવા નાના ગામમાં પણ ૨૦૦૦ વિદ્યાર્થીઓને ભણાવાતી આ સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળા સમાજની આબરૂ છે. સરકારી શિક્ષકોમાં કદાચ કેટલાક કામચોર પણ હશે એની ના નહિ પણ મેઘાણી હાઈસ્કુલ જેવી ગુજરાતની ઘણી હાઈસ્કૂલો અને પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો નિષ્ઠાથી ફરજ નિભાવીને સેલ્ફ ફાયનાન્સ સ્કૂલને પણ હંફાવી રહ્યા છે.

આવી શાળાઓ અને એના શિક્ષકોને બીજું કાંઈ મળે કે ના મળે પણ ગરીબ વિદ્યાર્થીઓ અને એના વાલીઓના અઢળક આશીર્વાદ અને ભગવાનનો રાજીપો જરૂર મળતો હશે.

- શૈલેષ સગપરિયા

●

### વ્રતધારિણી

એ તો સવારથી ભૂલી જ ગયેલી કે આજે વટ સાવિત્રી વ્રત છે!વરસોથી એને કોઈ જપતપવ્રતઉપવાસ યાદ રહેતાં નથી. એને મન કેવડાત્રીજ, કરવાચોથ કે ઋષિપંચમી.. બધું સરખું! એ પોતે બરાબર ખોરાક લે, દવા વગેરે કરે અને પોતાની તબિયત સારી રાખવા પ્રયત્ન કરતી રહે ! એણે ક્યારેય કપડાં-ઘરેણાં ખરીદવા, હરવા-ફરવા માટે કે હોટલ- સિનેમા માટે પતિ પાસે માગણી કરી નથી! પોતાની વરસગાંઠ કે લગ્નદિન મનાવ્યો નથી કે તે દિવસે હીરાઝવેરાતનો આગ્રહ રાખ્યો નથી!

તો આ વટ સાવિત્રીએ એણે શું કર્યું? સવાર સવારમાં પતિ પરમેશ્વરને એ ડોક્ટર પાસે લઈ ગઈ કારણ કે એ જ જરૂરી હતું. છેલ્લા પાંચ-સાત વરસથી તો એમ જ સંભાળતી આવી છે પરંતુ છ માસથી તો બીજું કંઈ જ વિચાર્યું નથી!

જોકે કેટલાક લોકો તો રીતસર એની પાછળ બોલતાં જ રહે છે કે એકદમ નાસ્તિક છે ! એને થાય છે કે સાચી વ્રતધારિણી કોણ?

- બકુલા ઘાસવાલા

●

માન હંમેશાં સમયનું હોય છે,
પણ વ્યક્તિ એને પોતાનું સમજી લે છે.

- ડો. કનૈયાલાલ ભટ્ટ

## અમર કાવ્ય વારસો

### ઊંટ

ઊંટ કહેઃ આ સભામાં, વાંકાં અંગવાળાં ભૂંડા;
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી;
કૂતરાની પૂછ્ડીનો, વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા;
ભેંસને તો શિર વાંકાં, શિંગડાનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ;
"અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે "

### હતો હું સૂતો પારણે પુત્ર નાનો

હતો હું સૂતો પારણે પુત્ર નાનો
રડું છેક તો રાખતું કોણ છાનો
મને દુખી દેખી દુખી કોણ થાતું
મહા હેતવાળી દયાળી જ મા તું
સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે
પીડા પામું પંડે તજે સ્વાદ તો તે
મને સુખ માટે કટુ કોણ ખાતું
મહા હેતવાળી દયાળી જ મા તું
લઈ છાતી સાથે બચી કોણ લેતું
તજી તાજું ખાજું મને કોણ દેતું
મને કોણ મીઠા મુખે ગીત ગાતું
મહા હેતવાળી દયાળી જ મા તું
પડું કે ખડું તો ખમા આણી વાણી
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી
પછી કોણ પોતાતણું દૂધ પાતું
મહા હેતવાળી દયાળી જ મા તું

- દલપતરામ

# હાસ્યવૈભવથી મોજ કરાવતું લેખકનું નમણું નજરાણું : મોજમાં રે'વું રે !

ગુજરાતી સાહિત્યમાં આંગળીના વેઢે ગણાય એટલા હાસ્યલેખકોમાં મહત્ત્વપૂર્ણ લેખાય તેવા હાસ્યલેખકના અખબારી લેખનમાંથી ગાળી-ચાળીને લેખોની પસંદગી કરી અથવા પુનર્લેખન કે સુધારા-વધારા કરી કેટલાક લેખોમાં જે-તે સમયનો સંદર્ભ દર્શાવતી નોંધ મૂકી તેને નવું સ્વરૂપ આપીને વાંચનક્ષમ લેખમાળાનાં પુસ્તકોનું હાસ્યનું નમણું નજરાણું પીરસનાર રતિલાલ બોરીસાગરના તાજેતરમાં પ્રગટ થયેલા પુસ્તક 'મોજમાં રે'વું રે'ની વાત આજ કરવી છે.

'મોજમાં રે'વું રે' સ્વ. તખતદાન રોહડિયા 'દાન અલગારી'નું ભજનના ઢાળમાં લખાયેલ કાવ્યની ધૃવપંક્તિ લેખકને ગમી જતાં તેના પરથી પુસ્તકનું નામ રાખવામાં આવેલ હોવાનું લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું છે. આ પુસ્તકમાં કુલ ૨૮ હાસ્યલેખો આપણને મળે છે. જે ખરેખર મોજ કરાવી દે તેવા છે. ઈસ ૧૯૯૮થી ઈસ ૨૦૦૩ના સમયગાળામાં સંદેશની રવિવારની સાપ્તાહિક પૂર્તિમાં લેખકે 'મરક મરક' શિર્ષક હેઠળ હાસ્યરસની કૉલમ લખી હતી. આ કૉલમના લેખોમાંથી આ અગાઉ ત્રણ પુસ્તકો 'તિલક કરતાં ત્રેસઠ થયાં', 'અમથું અમથું કેમ હસીએ' તથા 'ૐ હાસ્યમ' પ્રગટ થયેલ છે. આ શ્રેણીનું આ ચોથું પુસ્તક છે.

'મોજમાં રે'વું રે' પુસ્તકને જાણીતા સાહિત્યકાર અને કેળવણીકાર મનસુખ સલ્લાની કલમે હાસ્યનું નમણું નજરાણું રૂપે પ્રસન્નતાપૂર્વકની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે, જેમાં તેઓ જણાવે છે કે હાસ્યનો નવ રસમાં સમાવેશ છે. પણ હાસ્યલેખકો બહુ ગણનાપાત્ર લેખાતા નથી. એ વિદ્વાનોની મર્યાદા ગણાય. હાસ્ય પ્રજાના જીવનને નરવું અને સમતોલ બનાવે છે. કોઈપણ ભોગે હસાવવા મથવું અને જીવનની વિચિત્રતા કે અતિશયતાને સૂક્ષ્મ રીતે દર્શાવીને વાચકને મરક-મરક સ્મિત કરાવતાં કરાવતાં જાત અને જગતને નવી રીતે જોવા પ્રેરવું એ બંને વચ્ચે મોટું અંતર છે. એથી સૂક્ષ્મ પ્રકારનું મર્માળુ નિર્દોષ હાસ્યનું સર્જન કઠણ છે.

ઉત્તમ હાસ્ય લેખકમાં શ્લેષની ખૂબી સહજ હોય છે. ભાષાની આ સૂઝ એ હાસ્ય લેખકની મૂડી છે, જે બોરીસાગરમાં ભરપૂર છે. જેમ કે 'અમારા સાહેબ પાઠ્યપુસ્તકના પાઠ ભણાવવામાં બહુ કુશળ નહોતા, પણ તોફાની વિદ્યાર્થીઓને પાઠ ભણાવવામાં સિદ્ધહસ્ત હતા.' આમાં પાઠ ભણાવવો અને સિદ્ધહસ્ત શ્લેષ વાચકને જરૂરથી સ્પર્શી જાય. પુસ્તકમાં આવાં અનેક દૃષ્ટાંતો મળે છે. જુઓ આ દૃષ્ટાંતો : મારી નિર્જળા (માત્ર દૂધની) ચાહ, નોકરી વિષાદયોગ, ગાંગડુ નોકર જીવો, ફાઈવસ્ટાર કક્ષાનો ડાયાબિટેસ (મિષ્ટ પદાર્થ જોતાં એમનું)




વિશ્વામિત્રીકરણ થઈ જાય. ગ્રેસફુલ્લી વૃધ્ધ થવું, સન માઈકા (માવડિયા), ઘરના માણસો (લિવિંગ સ્ટૉક), (આપણી સંસ્કૃતિ), ઋણાનુબંધની સંસ્કૃતિ (દેવું કરનારી), પેરેડાઈઝ લોસ્ટ (જમણો કાન) આઉટ ઑફ ઑર્ડર છે, ઢ ગુણી દર્દી... આવાં ઉદાહરણો સ્મરણીય બની રહે છે. એને સમજવા વાચકમાં સજ્જતા અને સૂક્ષ્મતા જોઈએ. ભાષાનું બળ અને એનો સૂક્ષ્મ વિનિયોગ હાસ્ય લેખકના મુખ્ય ઓજાર હોય છે. સામાન્યપણે અપણને ભાગ્યે જ સુઝે એવા શબ્દપ્રયોગો તેઓ અનાયાસે યોજે છે. 'હસવાનો રિવાજ અમેરિકાથી આયાત કર્યો, બધું જીભને ટેરવે ચોંટાડી રાખવું, આપણે એટલે હું માનાર્થે, કઠણ પ્રશ્નોના નરમ ઉત્તરો, પત્નીની અસ્ખલિત વાક્ધારા, બાવા જાળાંની વેબસાઈટ' - આ ઉદાહરમોથી પરખાય છે કે ભાષા લેખકને સહજપણે વશ છે.

ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' લખ્યા હતા તો બોરીસાગરે 'અસત્યના પ્રયોગો' લખ્યા. આખો નિબંધ વર્તમાનના ભ્રષ્ટ વ્યવહારોને ખુલ્લો પાડનારો છે. પરંતુ હાસ્યલેખકનું માધ્યમ જૂદું છે. એ તો પરિસ્થિતિને એવી રીતે રજૂ કરે છે કે તેમાં નિમિત્ત હોય તે પણ વાંચીને હસી શકે. 'હળવાં અસત્યો'નો આ નમૂનો બોરીસાગરના હાસ્યને બરાબર પ્રગટાવે છે. બોરીસાગરે પોતાનો પથ પોતે જ કંડાર્યો છે. એનું મૂળ રહસ્ય એ લાગે છે કે એમની સૃષ્ટિનો નાયક કૉમનમૅન છે, જે ભોળો છે. એમ વાંકો પણ છે. બધી મર્યાદા પછી પણ ચાહવાયોગ્ય છે. લેખક જાત ઉપર ને પરિસ્થિતિ ઉપર પણ હસી શકે છે. વક્રીભૂત થયેલી આ સૃષ્ટિ એના મૂળ રૂપને અને એમાંથી અવતરેલા નવા રૂપને પ્રગટાવી હાસ્ય છૂટું પાડે છે. એવા હાસ્યમાં લેખકની જીવનદૃષ્ટિનો પણ પરિચય મળે છે. સાચો હાસ્યલેખક હસતો ફિલસૂફ હોય છે. તે જીવનમાં એવા ખૂણા પ્રગટ કરે છે જેના તરફ સામાન્યપણે આપણું ધ્યાન જતું નથી. મનુષ્ય સ્વભાવ, વલણ તેમજ વર્તનમાં બધું પ્રમાણસરનું હોય તે ઈચ્છવા યોગ્ય છે. પણ એવું હોતું નથી. એમાં રહેલી અપ્રમાણસરતાને સૂક્ષ્મ દૃષ્ટિવાળો હાસ્યલેખક પારખી જઈને એને પ્રગટ કરતો હોય છે. રતિલાલ બોરીસાગર આવા સૂક્ષ્મ દૃષ્ટિવાળા માર્મિક અભિવ્યક્તિવાળા અને જીવનને સ્વસ્થપણે પારખનારા અગ્રણી અને વિશિષ્ટ હાસ્યલેખક છે. તેમણે પોતાની હાસ્યધારાના કાંઠા જાતે આંકેલા છે.આ સંગ્રહ એમની આવડતના દૃષ્ટાંતરૂપ છે. હાસ્ય સાહિત્યના દુર્લભ વૈભવસમું આ પુસ્તક પ્રગટ કરવા બદલ ગૂર્જર સાહિત્ય રત્ન કાર્યાલય અને લેખક બંને ધન્યવાદને પાત્ર છે.

મોજમાં રે'વું રે ! (હાસ્ય નિબંધો)
લેખક : રતિલાલ બોરીસાગર
કિંમત : રૂા. ૧૩૦
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

- નટવર હેડાઉ